**અપંગોને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં પ્રવાસભાડામાં રાહત આપવાની યોજના.**

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૯૦/ન-૮.ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- 4 JUL 1991.

**ઠરાવ ::-**

અપંગ વ્યક્તિઓને અભ્યાસ, સારવાર, નોકરી ધંધાના સ્થળે જવા અને અન્ય સામાજિક કારણોસર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં પ્રવાસભાડામાં રાહત આપવા અંગે અપંગ વ્યક્તિઓ અને તેઓના મંડળો તરફથી વારંવાર રજૂઆત કરવામાં આવતી હતી. છેલ્લે તા. ૨૪-૯-૯૦ ના રોજ માનનીય નાણાં મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને અપંગોના ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ બેઠકમાં પણ સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી આ અંગે રજૂઆતો કરવામાં આવી હતી અને ૧૯૯૧-૯૨ ના વર્ષના અંદાજપત્રમાં આ હેતુ માટે વિભાગ-૧ ની નવી બાબત રજૂ કરી રૂ. ૧૦.૦૦ લાખની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. જેના અનુસંધાને કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ અપંગ વ્યક્તિઓને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં પ્રવાસભાડામાં નીચે મુજબ રાહત આપવાનું ઠરાવેલ છે.

(ક) ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતી અપંગ વ્યક્તિઓને પ્રવાસ ભાડામાં સંપૂર્ણ રાહત.

(ખ) ૭૫ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતી અપંગ વ્યક્તિઓને પોતાને માટે પ્રવાસ ભાડામાં સંપૂર્ણ રાહત અને તેમના સાથીદાર (એસ્કોર્ટ) માટે પ્રવાસ ભાડામાં ૫૦ ટકા રાહત.

૨/- આ હેતુ માટે સને ૧૯૯૧-૯૨ ના વર્ષના અંદાજપત્રમાં વિભાગ-૧ ની નવી બાબતની કરવામાં આવેલ રૂ. ૧૦.૦૦ લાખની નાણાંકીય જોગવાઈનું ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજનાની મુખ્ય શરતો નીચે મુજબ રહેશે.

(૧) આ યોજનાનો લાભ મેળવવા અપંગ વ્યક્તિઓએ સમાજ સુરક્ષા ખાતાનું કાયમી અપંગ ઓળખપત્ર મેળવેલું હોવું જોઈશે.

(૨) આ યોજનાનો લાભ મેળવવા અપંગ વ્યક્તિઓએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અરજી કરવાની રહેશે.

(૩) અરજી મળ્યેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ આ ઠરાવ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબની છાપેલી અપંગ પ્રવાસ વાઉચર બુક મંજૂર કરવાની રહેશે અને અપંગ વ્યક્તિને આપવાની રહેશે.

(૪) ગુજરાત રાજ્યની રહેવાસી હોય તેવી અપંગ વ્યક્તિઓને જ આ યોજનાનો લાભ મળી શકશે.

(૫) ગુજરાત રાજ્ય બહારની મુસાફરી માટે પ્રવાસ ભાડામાં કોઈ રાહત મળવાપાત્ર થશે નહીં.

૩/- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આ યોજનાના અમલીકરણ અંગેની વિગતવાર સૂચનાઓ તૈયાર કરીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે બહાર પાડવાની રહેશે.

૪/- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાએ નાણાંકીય વર્ષની શરૂઆતમાં આ યોજના અંગે અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને હવાલે મૂકવાની કાર્યવાહી કરવાની રહેશે અને પ્રતિમાસ આ યોજના હેઠળ થયેલ ખર્ચનું મેળવણું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સત્તાવાળાઓ સાથે કરવાનું રહેશે. આ મેળવણાના આધારે વાર્ષિક ખર્ચની અંદાજીત રકમ સુધારેલા અંદાજમાં દર્શાવી જરૂરી વધારાની જોગવાઈ મેળવવાની રહેશે.

// ૩ //

// ૩ //

૫/- આ યોજના અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક-..., ૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ -૦૨-સમાજ કલ્યાણ-૧૦૧-અપંગોનું શિક્ષણ અને કલ્યાણ એસસીડબલ્યુ-૨૨, અપંગોના કલ્યાણની યોજના [illegible] હેઠળ કરવામાં આવેલ નાણાંકીય જોગવાઈમાંથી ભોગવવાનું રહેશે.

૬/- આ ઠરાવ સરખા ક્રમાંકની આ વિભાગની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૩૦-૬-૯૧ ની નોંધ વાહન વ્યવહાર વિભાગની તા. ૯/૫/૯૧ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એમ. વાઘેલા
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મા. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વ મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ અને સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
ઉપાધ્યક્ષશ્રી, અને મેનેજીંગ ડાયરેક્ટર, ગુજરાત રાજ્ય, માર્ગ વાહન વ્યવહાર, નિગમ, અમદાવાદ.
મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, અમદાવાદ.
સચિવાલયના સર્વ વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ, અમદાવાદ.
તિજોરી અધિકારી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (નિયામકશ્રી સ.સુરક્ષા મારફત)
માહિતી નિયામકશ્રી, જૂના સચિવાલય, ગાંધીનગર.
(આ યોજનાની બહોળી પ્રસિદ્ધિ માટે જરૂરી પ્રેસનોટ આપવાની વિનંતી સાથે)
આ વિભાગની સર્વ શાખાઓ.
પસંદગી ફાઈલ 'છ' શાખા.
મદદનીશ પસંદગી ફાઈલ.
* પત્ર દ્વારા.

નાણાં/૪-૭/૨૮.//

પરિશિષ્ટ

નમુનો.

અપંગ વ્યક્તિઓને રાજ્ય પરિવહનની બસોમાં ભાડા રાહત આપવાની યોજના નીચે અપંગ વ્યક્તિ માટેનું પ્રવાસ પત્રક.

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (અપંગ વ્યક્તિ માટેનું પ્રવાસ પત્રક.)

પુસ્તિકા નં.................. ક્રમ નંબર..........

( અડધિયું )

અપંગ પ્રવાસીએ ભરવું તેમજ પોતાની પાસે રાખવું.

મુસાફરીની તારીખ :-

પ્રવાસની વિગત....................થી....................

મારો અપંગ ઓળખ કાર્ડ નંબર.................છે.

મને નિયમ પ્રમાણે સાથીદારને સાથે રાખવા છૂટ છે / નથી.

જો હોય તો સાથીદારનું નામ :-

..........................................................

સ્થળ :-

તારીખ:- સહી....................

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ ( અપંગ વ્યક્તિ માટેનું પ્રવાસ પત્રક.)

પુસ્તિકા નં.......... ક્રમ નંબર..........

( અડધિયું)

અપંગ પ્રવાસીએ ભરીને બસ કંડકટરને આપવું.

મુસાફરીની તારીખ :-

પ્રવાસની વિગત................થી..............

મારો અપંગ ઓળખ કાર્ડ નંબર............ છે.

મને નિયમ પ્રમાણે સાથીદારને સાથે રાખવા છૂટ છે / નથી.

જો હોય તો, સાથીદારનું નામ :-

..........................................................

સ્થળ :-

તારીખ :- સહી................

સિક્કો.